મુસાફરોને યાત્રા પ્રવાસમાં મનોરંજન મળે તે માટે એસ.ટી. વિભાગ દ્વારા બસમાં એલસીડી ટીવી મુકવામાં આવ્યા છે પરંતુ તમામ બસોમાં બંધ હાલતમાં હોવા છતાં ન તો વિભાગ દ્વારા રિપેરીંગ કરાય છે ન તો હટાવી લેવાય છે. કહેવા પુરતું ટીવી છે ને...! સરકારીશ્રી શા માટે આવા ખર્ચાઓ પ્રજાને નામે કરે છે? તેવું પુછવું છે સૌને, પણ કોને પુછવું અને કોણ ખુલાસો આપશે તે મોટો યક્ષ પ્રશ્ન છે. (તસવીર : કશ્યપ નિમાવત)

ગુજરાત વિધાનસભાનું બે દિવસનું ટુંકુ સત્ર પૂર્ણ થયું

અમદાવાદ, તા.૧૧

ગુજરાત વિધાનસભાના અંતિમ દિવસે આજે કોંગ્રેસના ધારાસભ્યોને ગૃહમાંથી સસ્પેન્ડ કરાયા બાદ સરકારે બાકી રહેલા વધુ ત્રણ વિધેયકો વિપક્ષની ગેરહાજરી વચ્ચે પસાર કરી બે દિવસના ટૂંકા સત્રની કામકાજ પૂર્ણ કર્યું હતું. વિધાનસભા ગૃહમાં આજે પસાર કરાયેલા ખરડાઓમાં ગુજરાત ન્યાય સહાયક વિજ્ઞાન યુનિવર્સિટી સુધારા વિધેયક પસાર કરવામાં આવ્યું હતું જેમાં ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના ડાયરેક્ટરની નિવૃત્તિ વયમર્યાદા ૬૫ થી વધારીને ૭૦ વર્ષ કરવાની જોગવાઈ છે. જ્યારે પસાર કરાયેલા અન્ય એક બીલમાં ગુજરાત પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા બોર્ડ સુધારા વિધેયક-૨૦૧૪નો સમાવેશ થાય છે. આ બીલની જોગવાઈ મુજબ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યક્ષેત્રમાં હવે મ્યુનિસિપલ કોર્પોરેશનના એરિયાનો પણ સમાવેશ થશે. અને અંતિમ બીલ મુજબ રાજ્ય સરકાર હસ્તકની ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કોર્પોરેશન એજ્યુકેશન સોસાયટી, વડોદરા જે જીએસએફસી યુનિવર્સિટીનું સંચાલન કરે છે. તેને ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવામાં આવ્યો છે. જીએસએફસી યુનિવર્સિટી વડોદરાના પાદરા તાલુકાના ગેસપુર ખાતે યુનિવર્સિટીનું નવું સંકલુ બનાવી રહ્યું છે જેમાં ટેકનિકલ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન સંબંધીત કોર્ષ રાજ્ય સરકારના દિશા નિર્દેશ મુજબ ચલાવવામાં આવશે. વિધાનસભાના બે દિવસના ટૂંકા સત્રના આજે અંતિમ દિવસે બાકી રહેલા છ પૈકી આ ત્રણ બીલો પણ પસાર કરી દેવામાં આવતા વિધાનસભાની કામગીરી પૂર્ણ થઈ હતી.

સત્રના પ્રથમ દિવસે ગૃહના અધ્યક્ષ તરીકે ગણપત વસાવાની વરણીમાં વિપક્ષે આપેલા સહકાર બાદ બીજા દિવસે ખેડૂતોને કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવ અપાવવાના મુદ્દે કોંગ્રેસ પક્ષ દ્વારા કરાયેલી ધાંધલ-ધમાલ સામે ગૃહ સંચાલનનો ગણપત વસાવાનો જુનો અનુભવ કામ લાગ્યો હતો અને કોંગ્રેસના ધારાસભ્યોને સસ્પેન્ડ કરી બાકી બીલો પસાર કરાવવા ગૃહમાં અનુકૂળતા ઉભી કરી હતી. ગૃહની કામગીરી પૂર્ણ થતાં અધ્યક્ષ દ્વારા સત્ર સમાપ્તીની જાહેરાત કરવામાં આવી હતી.

ગાંધીનગર શહેર ભાજપ તરફથી રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને દીપાવલી પર્વની શુભેચ્છા અને મોમેન્ટો આજે શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલ અને ઉપપ્રમુખ શ્રી નાઝાભાઈએ અર્પણ કરી હતી.

લક્ષ્મીપુરા પંચાયતમાં ડીઝીટલ સેતુનો પ્રારંભ

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકાની લક્ષ્મીપુરા ગ્રામ પંચાયત દ્વારા ડીઝીટલ સેતુનુ ઉદ્‌ઘાટન તથા પૂર્વ પદાધિકારીઓના સન્માન સમારોહનું મંગળવારે આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહના અધ્યક્ષ તરીકે બજાર સમિતિ ખેડબ્રહ્માના ચેરમેન જસુભાઈ જે. પટેલ, ઉદ્‌ઘાટક તરીકે જિલ્લા વિકાસ અધિકારી એમ. નાગરાજન, મુખ્ય અતિથિ વિશેષ તરીકે ટી.ડી.ઓ. જે.બી. મોડીયા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સુરેશભાઈ પી. પટેલ, સામાજીક ન્યાય સમિતિના ચેરમેન રમેશભાઈ એ. ભાંભી સહીત જિલ્લા સદસ્ય અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડીઝીટલ સેતુની રૂપરેખા નરેશભાઈ પટેલે રજુ કરી હતી. આ ડીઝીટલ ગ્રામ પંચાયત એટલે ડીઝીટલ સચિવાલય બની રહેશે અને દાખલા, દસ્તાવેજ, લગ્ન-મરણના દાખલા, વીજળીબીલ સહીતના જરૂરી દાખલા ગામમાંથી જ મળી રહેશે. આ પ્રસંગે પંચાયતના પૂર્વ સરપંચ - પૂર્વ ઉપસરપંચ તથા તાલુકા સદસ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સરપંચ આનંદીબેન પટેલ, ઉપસરપંચ લાલજીભાઈ પટેલ, તલાટી નલીનભાઈ ગાંધી તથા સભ્યોએ જહેમત ઉઠાવી હતી. સમારોહના અંતે આભારવિધિ મોતીભાઈ પી. પટેલે કરી હતી.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

પ્રથમ શિક્ષણપ્રધાન અબુલ કલામની જ્યંતિની ઉજવણી

અમદાવાદ, તા.૧૧

ભારતની આઝાદીના મહાનાયક અને દેશના પ્રથમ શિક્ષણપ્રધાન મૌલાના અબુલ કલામ આઝાદ સાહેબની જન્મ જયંતિ નિમિત્તે રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત કાર્યક્રમ શ્રધ્ધાસુમન સાથે તેમના દેશ માટેના યોગદાનને યાદ કરતાં કોંગ્રેસપક્ષના વરિષ્ઠ નેતા નવિનચંદ્ર રવાણીએ જણાવ્યું હતું કે, મૌલાના અબુલ કલામ આઝાદ સાહેબ દેશની આઝાદીમાં બહુ મુલ્ય યોગદાન આપ્યું. આઝાદીની સમગ્ર લડતમાં ગાંધીજીની સાથે સતત રહીને ભારત દેશને આઝાદ કરવામાં અહમ ભુમિકા ભજવી હતી. ૧૯૩૦માં દાંડીયાત્રામાં અને ત્યારબાદ ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં મૌલાના અબુલ કલામ આઝાદ સાહેબનું સક્રિય યોગદાન ઈતિહાસના પન્ને સુવર્ણ અક્ષરે કંડારાયેલું છે. નવી પેઢીએ આ બહુમુલ્ય યોગદાનને યાદ કરીને તેમના જીવનમાંથી પ્રેરણા લેવી જરૂરી છે. પંડિત જવાહરલાલ નહેરુની સાથે મૌલાના અબુલ કલામ આઝાદ સાહેબે આઝાદ ભારત બાદ દેશના શિક્ષણ વ્યવસ્થા માટે અગ્રીમ યોગદાન આપીને યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, ઈન્ડિયન ઈસ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સહિતની રાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનામાં અહમ ભૂમિકા ભજવી. દેશમાં સતત શિક્ષણ ઉપલબ્ધ થાય તે માટે વૈશ્વિક દૃષ્ટિકોણથી આઝાદી પછી શરૂઆત કરવામાં આવી જેના મીઠા ફળ આજે ભારત દેશના નાગરીકો ચાખી રહ્યા છે. મૌલાના અબુલ આઝાદ સાહેબની જન્મ જયંતિ નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં સંબોધન કરતાં કોંગ્રેસ પક્ષના નેતા જેવી મોમીને જણાવ્યું હતું કે, આઝાદી જંગ હોય કે આઝાદી પછી ભારત દેશનું નિર્માણ હોય તમામ ક્ષેત્રમાં મૌલાના અબુલ કલામ આઝાદ સાહેબે જીવનના અંત સુધી પ્રમાણિક પણે દેશ માટે ફરજ બજાવી. અંગ્રેજો સામેની લડતમાં મૌલાના અબુલ કલામ સાહેબે કોઈપણ પ્રકારની બાંધછોડ કરી ન હતી. પરિણામે તેમના પત્નીના અવસાન સમયેતેઓ જેલવાસ ભોગવતા હતા.

સુચિતા જુનાગઢ એન્ડ્રોઈડ મોબાઈલ એપ્સ લોંચ થયું

અમદાવાદ, તા.૧૧

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે જુનાગઢ કલેક્ટર કચેરી દ્વારા સ્વચ્છતા સફાઈ અભિયાનને પ્રેરિત કરતા એન્ડ્રોઈડ મોબાઈલ એપ્લીકેશન જુનાગઢનું લોન્ચીંગ કર્યું હતું. જુનાગઢ જિલ્લા કલેક્ટર આલોકકુમાર પાન્ડેએ જિલ્લામાં સ્વચ્છતા સફાઈને જનભાગીદારીથી વ્યાપક સ્તરે સાકાર કરવા આ મોબાઈલ એપ્લીકેશન તૈયાર કર્યું છે.

શૂચિતા જૂનાગઢ એપ્લીકેશનનો લાભ જૂનાગઢ ઈ ડિસ્ટ્રીક્ટ પાર્ટેલ રૅઃ//ષ્ઠેજ.ષ્ઠેદ્ધ.હેષ્ઠે.હ દ્વારા પણ મેળવી શકાશે.

પ્રધાનમંત્રીના મહત્વકાંક્ષી કાર્યક્રમ સ્વચ્છતા અભિયાન અને ડિઝીટલ ઈન્ડિયા અંતર્ગત મિશ્ર પ્રયાસરૂપે આ એન્ડ્રોઈડ એપ્સના માધ્યમથી લોકો સ્વચ્છતાને લગતી કોઈપણ ફરિયાદ ઓનલાઈન કરી શકે છે. જિલ્લાના વિવિધ વિસ્તારો મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ તેમજ ગ્રામ પંચાયતોને પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારી મિલકતો ધરાવતા તમામ ખાતાઓ શાળાઓ, આંગણવાડીઓ, આરોગ્ય કેન્દ્રો તેમજ સરકારી કચેરીઓને પણ આવરી લેવાઈ છે. આ શૂચિતા મોબાઈલ એપ્લીકેશનની વિશેષતાઓમાં લોકો ગંદકી કે કચરો ધરાવતા સ્થળના ફોટોગ્રાફ તથા તે સ્થળના લોકેશનની વિગત સાથે આ એપ્લીકેશન મારફતે ઓનલાઈન ફરિયાદ સબમીટ કરી શકે છે. ફરિયાદ સબમીટ થતાં તેની એસએમએસ દ્વારા જે તે જવાબદાર અમલીકરણ અધિકારીને થાય છે. અમલીકરણ અધિકારી ફરિયાદની વિગત ફોટોગ્રાફ સાથે મોબાઈલ ઉપર તુરત જ જોઈ શકે છે. અમલીકરણ અધિકારી દ્વારા તેમની ટીમને ગંદકી કે કચરાના નિકાલ કરવાની સુચના ઓનલાઈન આપે છે અને તેની જાણ પણ એસએમએસ દ્વારા અરજદારને થાય છે.

સ્વચ્છતાના સંસ્કારને સુદૃઢ બનાવી સ્વચ્છ ભારતના અભિયાનને સફળ બનાવીએ

વિધાનસભાગૃહમાં છેલ્લાં દિવસના પ્રસ્તાવમાં સ્વચ્છતા અભિયાનને સફળ બનાવી સ્વચ્છ ભારતના નિર્માણ માટે કટીબદ્ધ થવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૧

ધારાસભ્યશ્રી અશોકકુમાર પટેલ રાજ્ય વિધાનસભા ગૃહમાં છેલ્લાં દિવસનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, બીજી ઓક્ટોબર મહાત્મા ગાંધીના જન્મદિને આદરણીય વડાપ્રધાનશ્રીએ દેશવ્યાપી સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ કર્યો છે ત્યારે રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાનમાં ગુજરાત રાજ્ય પણ મોડેલ રાજ્ય બને તે માટે પ્રત્યેક ગુજરાતી જાગૃત થાય તે જરૂરી છે.

રાજ્ય વિધાનસભામાં ધારાસભ્યશ્રી અશોકકુમાર પટેલના છેલ્લાં દિવસના પ્રસ્તાવના સમર્થનમાં આરોગ્યમંત્રીશ્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, સ્વચ્છતા માત્ર સફાઈ પુરતો સિમિત વિષય નથી તે સ્વાસ્થ્ય સાથે અને સુંદરતા સાથે પણ જોડાયેલો વિષય છે. તેમણે જણાવ્યુ હતુ કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપાડેલુ રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા અભિયાન સમગ્ર દેશના નાગરિકો માટે પ્રેરણારૂપ છે. મહાત્મા ગાંધીજીના સ્વચ્છતા સંદેશને સાર્થક કરવાનુ કામ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપાડ્યું છે. જેના કારણે આજે સ્વચ્છતા જનઆંદોલન અને જન પ્રવૃત્તિ બની રહી છે. દેશભરના પ્રતિષ્ઠિત નાગરિકો આ અભિયાનમાં જોડાયા છે. ત્યારે ગુજરાતે પણ સ્વચ્છતા અભિયાન માટે ખાસ પગલાં ભર્યા છે.

મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજમાં સ્વચ્છતાના સંસ્કારને સુદૃઢ કરવાના આ અભિયાનમાં ગુજરાતે ખાસ આયોજન કર્યું છે તેની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના પ્રત્યેક પરિવારને શૌચાલયની સુવિધા પ્રાપ્ત થાય તે માટે શૌચાલય બાંધવા માટે શહેરીજનોને રૂપિયા ૮ હજાર અને ગામડના નાગરિકોને રૂ. ૧૨,૦૦૦ સબસિડી સહાય આપવામાં આવશે. આ ઉપરાંત કચરો એકઠો કરવા માટે પાંચ હજાર કે તેથી વધુની વસ્તીના ગામ માટે વ્યક્તિ દીઠ રૂ. બે ની સહાય આપવાનું પણ નક્કી કરાયું છે. આ ઉપરાંત ગંદકીથી દૂર રહી ગોબરગેસ જેવા પ્લાન્ટની સ્થાપના માટે સહાય આપવા ઉપરાંત ઘેર ઘેર કચરો એકત્રીત કરવા માટે દરેક જિલ્લાને રૂપિયા ૧૦ લાખ આપવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ જ રીતે રાજ્યની ૮૫૬૧ ગ્રામપંચાયતોને રૂ. ૨૯ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સમાજમાં સ્વચ્છતા સંસ્કારો સુદઢ કરવાનું આ અભિયાન છે. દરેક નાગરિકે પોતાની ફરજ સમજી સ્વચ્છતાના આ અભિયાનને ઉપાડી લેવું જોઈએ અને સ્વચ્છ ભારતના નિર્માણ દ્વારા ૧૫૦મી જન્મજયંતીએ મહાત્મા ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ અર્પીએ.

શબ્દાવલી - ૫૫૫૭

૧		■	૨	૩	■	૪	
	■	૫			■		■
૬			■	■	૭		૮
	■	૯	૧૦	૧૧	■	૧૨	
■	■	૧૩			૧૪	■	
૧૫	૧૬	■		■	૧૭	૧૮	■
૧૯			■	૨૦			૨૧
૨૨		■	૨૩			■	

આડી ચાવી

૧. ઘડાયેલું, પાકુ (૨)
૨. કહતે હૈ બડા નામ કરેગા(૨)
૪. પક્ષીઓને નખાતા દાણા(૨)
૫. તવાયફ, વેશ્યા (૩)
૬. એક શાક (૩)
૭. પતરવેલીયા (૩)
૯. બટેકા-કેળા વગેરેની ચીપ્સ (૩)
૧૨. દર્દ, બિમારી (૨)
૧૩. માણસાઇ, લાયકી (૪)
૧૫. હિંમત (૨)
૧૭. એક માપ, ઊંચાઇ (૨)
૧૯. સૂર્યની તેજ રેખા (૩)
૨૦. ખુબ, પુષ્કળ (૪)
૨૨. રૂવાંડા (૪)
૨૩. મકાન મજબૂત કરવા નખાતો પાયો (૩)

ઊભી ચાવી

૧. સમારકામ, મરમ્મત (૪)
૨. જળ, નીર (૨)
૩. કાચા ના હોય તેવા (૨)
૪. પંખીઓને દાણા નાખવાની જગ્યા, પરબડી (૪)
૫. યુનિફોર્મ (૪)
૮. ભેંકડો, મોટે મોટેથી રડવું તે (૩)
૧૦. નકામુ, ફાલતુ (૨)
૧૪. ટંટો, ઝગડો (૪)
૧૫. ઘોંઘાટ, અવાજ (૩)
૧૬. પોચુ, કુણુ (૩)
૧૮. ઔષધી (૨)
૨૦. ઢોરને ખાવા અપાતું ઘાસ (૨)
૨૧. છુટ્ટી, હોલીડે (૨)

શબ્દાવલી ૫૫૫૬ના જવાબ

આડી ચાવી :- (૧) તિસમારખા (૩) વાદી (૫) ટકટક (૭) ડરપોક (૧૦) ટકોરો (૧૧) મડ (૧૨) માણકી (૧૩) મનન (૧૬) તાસક (૧૭) સાથીદાર (૧૯) લીકેજ (૨૧) દવા (૨૨) ફર્જ (૨૩) કણકી

ઊભી ચાવી :- (૧) તિકડમ (૨) ખાટ (૩) વાટકો (૪) દીકરો (૬) કટકી (૮) રડમસ (૯) કમાન (૧૪) નકલી (૧૫) દરવાન (૧૬) તારીફ (૧૭) સાજણ (૧૮) દાદ (૨૦) કેક

સ્વચ્છતા અભિયાન ઝુંબેશ અન્વયે ચરેડી પાસે આવેલ છાપરા અને ઝુંપડપટ્ટી વિસ્તારમાં અધ્યક્ષ ગણપત વસાવા દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે કમિશનરશ્રી તેમજ વિવિધ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ આ સ્વચ્છતા અભિયાનમાં સાથ આપ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

ઉર્દૂ માધ્યમના શિક્ષકોને મરાઠી શાળામાં નિમણૂંક

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્કુલ બોર્ડ સંચાલિત ઉર્દૂ માધ્યમની શાળાઓમાં સોમવારના નરોજ વધઘટના શિક્ષકોની બદલી કેમ્પસ સ્કુલ બોર્ડ તરફથી રાખવામાં આવ્યો હતો જેમાં વધેલ શિક્ષકને ઉર્દૂ માધ્યમ સિવાયના મરાઠી, તામીલ અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં મુકવામાં આવ્યા છે. શિક્ષકોની બદલી કેમ્પમાં ધોરણ-૧થી ૫માં બાળકોની સંખ્યાના આધારે બદલી કરવામાં આવતાં ૧૫ શિક્ષકો વધી ગયા હતા તેઓને ઉર્દૂ માધ્યમ સિવાયના હિન્દી અને ગુજરાતી માધ્યમની શાળામાં મુકવામાં આવ્યા હતા. તેમજ ધોરણ-૬ થી ૮માં બાળકોની સંખ્યાના આધારે બદલી કરવામાં આવતાં ૧૯ શિક્ષકોની વધ પડેલ જેઓને ઉર્દૂ માધ્યમ સિવાયના મરાઠી, તામીલ અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં મુકવામાં આવ્યા હતા. આ બાબતે મ્યુનિસિપલ વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું હતું કે ઉર્દૂ માધ્યમમાં ભાષા સિવાય ગણિત, વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન જેવા વિષયો ભણાવવા માટે તેઓને કામચલાઉ ધોરણે તેમને નિમણુંક આપવામાં આવે તો ખાલી પડેલ ગણિત, વિજ્ઞાન અને સામાજીક વિજ્ઞાનની જગ્યા પર તેઓ ભણાવી શકે પરંતુ તેઓ તામીલ કે મરાઠી ભાષા જાણતાં જ ના હોય તો તેઓ કેવી રીતે ભણાવી શકે ? તે એક વિચારવા જેવી બાબત છે તેમજ હાલ ઉર્દૂ શાળાઓમાં બાળકોની સંખ્યા છે પરંતુ શિક્ષકો બીજા માધ્યમમાં જવાથી શિક્ષણ પર વિપરીત અસર પડશે જેને ધ્યાનમાં રાખી બાળકોને સારૂં શિક્ષણ મળી રહે તે માટે ઉર્દૂ માધ્યમના મુળ શિક્ષકોને પાછા મુળ જગ્યાએ કામચલાઉ ધોરણે નિમણુંક આપવા માટે તાકીદે યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું છે.

ધાંધલ - ધમાલ... ● પહેલા પાનાનું ચાલુ

પગલાથી સંતોષ નહીં થતાં આજે પુનઃ ગૃહમાં આ મુદ્દો ઉપસ્થિત કરી ભારે અરાજકતા ફેલાવી દીધી હતી. જેના કારણે પરિસ્થિતિ ગૃહમાં વધુ બેકાબૂ બની હતી. કોંગ્રેસના વલણની ટીકા કરતાં મંત્રી બાબુ બોખીરીયાએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી ખેડૂતોને કપાસ અને મગફળીના પોષણક્ષમ ભાવ આપવાની વાત છે ત્યાં રાજ્ય સરકારે રાજ્યભરમાં કપાસ ખરીદીના ૪૦થી વધુ કેન્દ્રો શરૂ કર્યા છે જેના કારણે ખેડૂતોને કોઈપણ પ્રકારનું નુકશાન થશે નહીં અને સરકારે નક્કી કરેલા દરો મુજબ પોષણક્ષમ ભાવ મળી રહેશે. જ્યારે બીજી તરફ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ રાજ્ય સરકારના વલણની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોની સમસ્યા હલ કરવામાં સહેજ પણ ગંભીર નથી અને સરકારે એવા કોઈ પગલા ભર્યા નથી કે જેથી ગુજરાતના ખેડૂતોને કપાસ અને મગફળીના બજારભાવ કે પોષણક્ષમ ભાવ મળી રહે તેમણે ભાજપની સરકાર જુઠ્ઠી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

સોશ્યલ સાઇટ ● છેલ્લા પાનાનું ચાલુ

સુરક્ષા અંગે વિવિધ મેસેજ અને પોસ્ટ મોકલી રહ્યા છે. 'હેલ્મેટ ના પહેરવાથી તમે ટ્રાફિક પોલીસ સાથે બહેસ કરી શકો છો પણ યમરાજ સાથે નહી', 'આપણે મોબાઈલ ઉપર સ્કીન ગાર્ડ લગાવવાનું ભુલતા નથી પરંતુ બાઈક ચલાવતી વખતે હેલમેટ પહેરવાનુ વિચારતા નથી વિચારો, તે તમારૂ માથુ છે,' 'જો બકા, બાઈક તો હેલમેટ પહેરીને જ ચલાવવું' વગેરે જેવી પોસ્ટ સોશ્યલ મીડીયા પર મુકી ઝુંબેશ ચલાવી રહી છે. પોલીસ હાલ સમાજમાં જાગૃતા લાવવા રોડ સાઈટથી લઈ સોશ્યલ મીડીયા સાઈટ સુધી એક્ટીવ બની છે. પરંતુ દારૂબંધીની વાત આવતાં જ પોલીસ કેમ આટલી સક્રીય નથી થતી પોલીસ આ નશાના સોદાગરો સામે સક્રીય બની આટલા જ ઉત્સાહ સાથે નશાના રવાડે બરબાદ થતા યુવાધનને અટકાવે તેની જરૂરીયાત છે ત્યારે સાચા અર્થમાં સોશ્યલ મીડીયા સાઈટ વધુ મજબુત હથિયાર સાબિત થશે.

નર્સની ભૂમિકા... ● છેલ્લા પાનાનું ચાલુ

રીતે બનાવવા - એ રાખવામાં આવ્યો છે. ત્રણ દિવસીય આ કોન્ક્લેવ બાકીના બે દિવસોએ એપોલો હોસ્પિટલ્સ, અમદાવાદના ઓડિટોરિયમ ખાતે યોજાશે. કોન્ક્લેવના ઉદ્‌ઘાટન સમારંભમાં તેના મુખ્ય વિષય પર પ્રકાશ પાડતા શ્રી મુકીમે જણાવ્યું હતું કે હાલના સમયમાં કોઇ પણ સંસ્થા તેના કર્મચારીગણમાં એકબીજા વચ્ચેનો સહયોગ ન હોય તો આગળ ન વધી શકે એ એક સ્વીકૃત સત્ય છે. આવા સંજોગોમાં પણ અમદાવાદ ખાતે આરોગ્ય સેવાઓને વધુ પરિણામજનક બનાવવા માટે સહયોગ તથા સહકાર પર ભાર મુકતી આ પ્રકારની કોન્ક્લેવ સૌ"થમ વાર યોજવામાં આવી રહી છે એ પણ એક હકીકત છે. આના સંદર્ભમાં જોઇએ તો એપોલો હોસ્પિટલ્સ દ્વારા કરવામાં આવેલી આ પહેલ એક પાયારૂપ પહેલ છે અને મને આશા છે કે અન્ય સંસ્થાઓ પણ આ પહેલને અનુસરશે. આરોગ્ય સેવાઓમાં નર્સની ભૂમિકા કોઇ પણ રીતે એક ડોકટરની ભૂમિકાથી ઊતરતી નથી, ત્યારે આ પ્રકારનો કાર્યક્રમ નર્સોના જ્ઞાન તથા કૌશલ્યમાં વધારો કરી અને તેના દ્વારા આરોગ્ય સેવાઓમાં તેમની ભૂમિકાને વધુ બળવત્તર બનાવવામાં મદદરૂપ થશે.

કોન્ક્લેવને સંબોધન કરતાં કેપ્ટન બેનરજીએ જણાવ્યું હતું કે વિકસીત દેશોમાં આરોગ્યસેવાઓનું સ્તર ભારત કરતાં ઘણું ઊંચું છે. છેલ્લા કેટલાક સમયમાં ભારતમાં આરોગ્યસેવાઓ ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ જોવા મળ્યો છે. જોકે ઉચ્ચ કક્ષાની હોસ્પિટલોમાં જે અત્યાધુનિક કક્ષાની તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે તેની તાલીમ નર્સોને અભ્યાસક્રમ દરમિયાન મળતી નથી. આ એક ચિંતાનો વિષય છે અને સરકાર તથા આરોગ્ય સેવા પૂરી પાડતી કંપનીઓ સહિત તમામ હિતધારકોએ આ સમસ્યાને દુર કરવા માટે આગળ આવવું જોઇએ. નર્સો માટેના અભ્યાસક્રમની વ્યવસ્થામાં સુધારો કરવામાં આવશે તો તેના કારણે આરોગ્યસેવા ક્ષેત્રે જે સુધારણા ચાલી રહી છે તેને પણ વેગ મળશે એવો મત પણ તેમણે વ્યક્ત કર્યો હતો.